


Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૧૯ | ઓગષ્ટ - ૨૦૨૪

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**બનાસ ડેરીએ ૫૬મી વાર્ષિક સાધારણ સભામાં જાહેર કર્યો ૧૯૭૩.૭૯ કરોડનો ઐતિહાસિક ભાવફેર**

**પશુપાલકોના પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થનાં કારણે બનાસ ડેરીએ સહકારાત્મક પરિણામો પ્રાપ્ત કર્યાં: ચેરમેન શ્રી શંકરભાઇ**

**સહકારિતામાં વિશ્વાસથી વિકાસ: દૂધ ભરાવીને બનાસ ડેરીની મહિલા પશુપાલકો બની લખપતિ**






# બનાસ ડેરીએ ૫૬મી વાર્ષિક સાધારણ સભામાં જાહેર કર્યો ૧૯૭૩.૭૯ કરોડનો ઐતિહાસિક ભાવફેર

**બનાસડેરીએ કરી ૧૯૭૩.૭૯ કરોડ રૂપિયાનો ભાવફેર ચુકવવાની જાહેરાત.**

**બનાસ ડેરીએ વાર્ષિક ટર્ન ઓવરમાં નોંધાવી વૃદ્ધિ: વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૪,૬૮૭ કરોડથી વધીને વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ. ૧૯,003 કરોડ નોંધાયું.**

**બનાસ ડેરીએ વર્ષ ૨૦૨૩-૨૪ માં એક જ દિવસની અંદર ૧ કરોડ લીટર દૂધનું સંપાદન કરીને રેકોર્ડબ્રેક સિદ્ધિ હાંસલ કરી.**

**જિલ્લામાં દૂધનું ઉત્પાદન ૨૦૧૩-૧૪ માં પ્રતિ દિવસ ૨૯.૯૬ લાખ કિલોગ્રામથી વધીને ૨૦૨૩-૨૪ માં ૭૮.૧૧ લાખ કિલોગ્રામ થયું.**



વિશ્વફલક પર ડેરી ઉદ્યોગમાં સુવર્ણ સિદ્ધિઓ હાંસલ કરતી એશિયાની સૌથી મોટી બનાસડેરીની ૫૬મી વાર્ષિક સાધારણ સભા, બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈના અધ્યક્ષસ્થાને બનાસ સંકુલ, સણાદર ખાતે યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં જિલ્લાના પશુપાલકો ઉપસ્થિત રહ્યાં હતા. વાર્ષિક સાધારણ સભામાં દૂધનો વર્ષાન્તે ભાવ જાહેર કરીને પશુપાલકોનાં પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થને બિરદાવવાનું મહત્વપૂર્ણ કામ કર્યું છે. બનાસડેરીના કુશળ વહીવટના કારણે રૂ.૧૯૭૩.૭૯ કરોડનો ઐતિહાસિક ભાવફેર ચેરમેન શ્રી શંકરભાઈએ જાહેર કરતાં, જિલ્લાના પશુપાલકોએ તેને ખુશીથી વધાવી લીધો હતો અને પશુપાલકોના ઘરે-ઘરે દિવાળીનો માહોલ સર્જાયો હતો.

બનાસ સંકુલ, સણાદર ખાતે ચેરમેનશ્રીનાં અધ્યક્ષસ્થાને અને નિયામક મંડળની વિશેષ ઉપસ્થિતિમાં બનાસ ડેરીની ૫૬મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેરમેનશ્રી શંકરભાઈનાં નેતૃત્વમાં થયેલ બનાસ ડેરીની વિવિધ પ્રવૃત્તિ, દૂધ સિવાયના અન્ય વ્યવસાયોથી આપેલા ફાયદોઓ સંઘના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામભાઇ ચૌધરીએ પ્રેઝન્ટેશન રજુ કરીને લાખો પશુપાલકોને માહિતગાર કર્યા હતા. બનાસડેરી એ ચાલુ વર્ષમાં રૂ. ૧૯,003 કરોડથી વધુનું ટર્ન ઓવર કરી પ્રગતિના પંથે આગળ વધીને પશુપાલકોના કલ્યાણ અર્થે રૂ.૧૯૭૩.૭૯ કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેરનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં ૪30.0૧ કરોડ રૂપિયાનો ભાવફેર આપવામાં આવ્યો હતો, જેની સરખામણીમાં આ વર્ષે ચાર ગણો વધુ ભાવફેર આપવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં બનાસ ડેરીની વર્ષ ૨૦૨૩-૨૪ ની નોંધપાત્ર પ્રગતિ પશુપાલકો સમક્ષ વર્ણવતા ચેરમેન શ્રી શંકરભાઈએ ખુબજ ગર્વ અને આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે બનાસ ડેરીની વર્ષ ૨૦૨૩-૨૪ ની પ્રગતિ અંગે જણાવતા કહ્યું હતું કે બનાસકાંઠાનાં નાના પશુપાલકોએ ભેગા મળીને બનાસ ડેરીની સફળતાની ગૌરવગાથા લખી છે. ૫૬ વર્ષ પહેલા સ્વર્ગસ્થ શ્રી ગલબાકાકા દ્વારા રોપાયેલા નાના બીજમાંથી, બનાસ ડેરી આજે એક શક્તિશાળી વટવૃક્ષ બનીને ખીલી છે, જે હજારો ખેડૂતો અને પશુપાલકોને સમૃદ્ધિનો છાયડો પ્રદાન કરે છે. બનાસ ડેરીએ દૂધ ઉત્પાદનમાં તો સફળતા પ્રાપ્ત કરી જ છે, પરંતુ સાથે સાથે એ પણ સુનિશ્ચિત કર્યું છે કે કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં મૂલ્યવર્ધન દ્વારા સમૃદ્ધિ હાંસલ થાય. બનાસ ડેરીએ ૧૯૬૯ થી સર્વગ્રાહી સુખાકારી અભિગમ સાથે કાર્યરત છે. સરેરાશ ૬૯૮ મીમી વરસાદ સાથે શુષ્ક વાતાવરણ હોવા છતાં, જિલ્લામાં દૂધનું ઉત્પાદન ૨૦૧૩-૧૪ માં પ્રતિ દિવસ ૨૯.૯૬ લાખ કિલોગ્રામથી વધીને ૨૦૨૩-૨૪ માં ૭૮.૧૧ લાખ કિલોગ્રામ થયું છે. સાથે સાથે ભારતની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં દૈનિક પશુદીઠ દૂધ ઉત્પાદન વધ્યું છે. બનાસકાંઠાની ભેંસ ૬.૯૯ લીટર, કાંકરેજ ગાય ૫.૮૯ લીટર અને એચ.એફ.ક્રોસ ૯.૮૬ લીટર દૂધનું ઉત્પાદન કરે છે, જે ભારત દેશના અન્ય જગ્યાઓની સરખામણીમાં વધુ છે. આ વર્ષે બનાસ ડેરીએ એક જ દિવસમાં ૧ કરોડ લાખ કિલો દુધની રેકોર્ડબ્રેક સિદ્ધિ હાંસલ કરી છે, જે દેશના તમામ ડેરી ઉદ્યોગના રેકોર્ડને વટાવી દીધા છે.

બનાસ ડેરીએ વાર્ષિક ટર્ન ઓવરમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ કરી છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૪,૬૮૭ કરોડ ટર્ન ઓવર હતું, જે વર્ષ ૨૦૨૩-૨૪ માં વધીને રૂ. ૧૯,૦૦૩ કરોડ નોંધાયું છે. નવ વર્ષ પહેલા એટલે કે ૨૦૧૩-૧૪ માં બનાસ ડેરીનાં પશુપાલકોને દર મહિને દૂધ પેટે રૂ.૨૮૭ કરોડ રૂપિયાની રકમ ચુકવાતી હતી, જે આજે રૂ. ૧૨૦૬ કરોડથી વધુ ચુકવાય છે. એટલે કે માત્ર ગણતરીના વર્ષોમાં પહેલા કરતાં ચાર ગણા વધુ અને તે પણ સીધા દર ૧૫ દિવસે અચૂક પશુપાલકોના બેંક ખાતામાં જમા થઇ જાય છે. બનાસકાંઠા સમગ્ર ભારતમાં દૂધ ઉત્પાદકોને દુધના શ્રેષ્ઠ ભાવ આપવામાં અગ્ર હરોળમાં છે. છેલ્લા નવ વર્ષમાં બનાસ ડેરીનાં સામુહિક પુરુષાર્થમાં ડેરીનાં કર્મયોગી કર્મચારીઓની મહેનત, પશુપાલકોનો પરિશ્રમ અને નિયામક મંડળનું માર્ગદર્શન બનાસ ડેરીની સામુહિક શક્તિને આગળ વધારવામાં અમૂલ્ય સાબિત થયું છે.



બનાસ ડેરીએ જિલ્લાના લોકોને આધુનિક રીતે ખેતી કરતાં, પશુપાલન વ્યવસાય સાથે જોડ્યા, વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા શીખવાડ્યું, બટાકાની ખેતીને પ્રોત્સાહન આપ્યું, મધની ખેતી કરતાં શીખવાડ્યું છે. તે ઉપરાંત સહકારથી સમૃદ્ધિના મંત્રને સાકાર કરવા વારાણસીમાં બનાસ કાશી સંકુલ ડેરી પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું, મધ લેબનું નિર્માણ કરાયું, બટાકા માટે આધુનિક કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરાયું તેમજ ભીલડી ખાતે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રિડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નું ખાતમુહૂર્ત કરાયું, બાદરપુરા ઓઈલ સંકુલ ખાતે બનાસ ડેરી અલ્ટ્રા મોર્ડન આટા પ્લાન્ટ, બનાસ વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટ, પાલનપુરનું નિર્માણ કરાયું સાથે સાથે બનાસ ડેરીનાં સંજીવની ખાતર પ્રોડક્ટ, બનાસ ઓર્ગેનિક ખાતર પ્રયોગશાળા અને અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટનો શુભારંભ કરાયો છે. સહકારી ક્ષેત્રમાં રહેલી સામાજિક અને આર્થિક વિકાસની પ્રગતિની તકોને ઓળખીને બનાસ ડેરી દ્વારા અવનવા દૂધ સિવાયના સાહસો શરૂ કરાયા છે તેમજ ગુજરાત બહાર બનાસ ડેરીનાં પ્લાન્ટોનું નિર્માણ કરાયું છે, જે દેશનાં સહકારી ક્ષેત્રને વધુ મજબુત બનાવે છે. બનાસ ડેરીનાં નેજા હેઠળ સમાજમાં સહકાર, એકરૂપતા, સુખાકારી અને આર્થિક સદ્ધરતા આવી છે. આ પ્રગતિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દુરંદેશી માર્ગદર્શન અને બનાસ ડેરીનાં પશુપાલકોના અવિરત પ્રયાસોનું પરિણામ છે.

વધુમાં ચેરમેન શ્રી શંકરભાઈએ જણાવ્યું હતું કે બનાસ ડેરી થકી જિલ્લામાં આર્થિક વિકાસ, મહિલા સશક્તિકરણ, સામાજિક ગેરમાન્યતાઓને દુર કરવા, કુપોષણ ઘટાડો, જિલ્લાને હરિયાળો બનાવવો, પાણીની ઉપલબ્ધતા, પશુપાલનમાં આધુનિકરણ, રોજગાર નિર્માણ, તબીબી શિક્ષણમાં પ્રગતિ અને ઉત્તમ પશુધનમાં વધારા જેવા લોકોના જીવનધોરણમાં સુધારો કરતાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. તે ઉપરાંત બનાસ ડેરી વૃક્ષારોપણ, તળાવનું નિર્માણ, જળ સંરક્ષણ ઝુંબેશ, સીડબોલ ઝુંબેશ, માટી સંરક્ષણ અને નશા વિરોધી ઝુંબેશમાં સક્રિય છે.



બનાસ ડેરીએ હાંસલ કરેલ સિદ્ધિઓમાં સહયોગ કરવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી, માન.કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ, ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલનો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો. બનાસ ડેરીની ૫૬ મી સાધારણ સભામાં બનાસ ડેરીના નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ, પશુપાલકો, ખેડૂતો, સહકારી આગેવાનો, અધિકારીઓ અને સંઘના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



## ૧૯૭૩.૭૯ કરોડ રૂપિયાનો ભાવફેર આપવાની જાહેરાત સાથે પશુપાલકોના ઘરે સર્જાયો દિવાળીનો માહોલ

બનાસ સંકુલ, સણાદર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં બનાસ ડેરીની ૫૫ મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને ૧૯૭૩.૭૯ કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેર જાહેર કરવામાં આવ્યો હતો. પશુપાલકોએ આ ભાવફેરનાં નિર્ણયને વધાવી લીધો હતો. જ્યારથી શ્રી શંકરભાઈ બનાસ ડેરીનાં ચેરમેન બન્યા છે ત્યારથી દરવર્ષે પશુપાલકોનાં હિતલક્ષી ભાવફેર આપવામાં આવે છે.

ચેરમેન શ્રી શંકરભાઈએ પશુપાલકોના કલ્યાણ, સર્વાંગી સુખાકારી અને વિકાસ માટે વર્ષ ૨૦૧૮-૧૯ ની ૫૧મી વાર્ષિક સાધારણ સભામાં ૬૬૭.૬૧ કરોડ રૂપિયા ભાવફેર રૂપે જાહેર કર્યા હતા. વર્ષ ૨૦૧૯-૨૦ મા છેલ્લા ભાવફેરની અંદર બે ગણો વધારો કરી ૧૧૪૪ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કર્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧ મા ૧૧૩૨ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કરવામાં આવ્યો હતો. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માં વર્ષના ભાવફેરમાં વધારો કરીને ૧૬૫૦ કરોડ રૂપિયા ભાવફેર તરીકે જાહેર કરાયો હતો. વર્ષ ૨૦૨૨-૨૩ મા બનાસ ડેરીનાં ઈતિહાસમાં ક્યારેય પણ જાહેર ના કરાયો હોય એવો ૧૯૫૨ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કરાયો હતો. ભાવફેર વધારાના સીલસીલો ચાલુ રાખતા આ ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪ માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૧૯૭૩.૭૯ કરોડ રૂપિયાનો ભાવફેર જાહેર કરીને પશુપાલકોનાં હિતને પ્રાથમિકતા આપી છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં પશુપાલકોને આર્થિક રીતે સદ્ધર બનાવવા સમયે સમયે દૂધના ભાવમાં વધારો તેમજ પશુપાલકોના હિતમાં નિર્ણયો કરવામાં આવે છે, જેના કારણે બનાસકાંઠામાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે.જ્યારથી શ્રી શંકરભાઈએ બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોના હિતમાં કલ્યાણકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ચેરમેન શ્રી શંકરભાઈ ભાવ વધારો, ભાવફેર અને સતત દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોને એમની મહેનતના મીઠા ફળ આપી રહ્યાં છે.

“ પશુપાલકોના હિતમાં બનાસ ડેરીએ સહકારથી સમૃદ્ધિનાં સંકલ્પને સાકાર કરતો આપ્યો ભાવફેર ”





# પશુપાલકોના પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થનાં કારણે બનાસ ડેરીએ સહકારાત્મક પરિણામો પ્રાપ્ત કર્યા: ચેરમેન શ્રી શંકરભાઈ





બનાસ સંકુલ સણાદર ખાતે હજારો પશુપાલક પરિવારોની ઉપસ્થિતિમાં આયોજિત બનાસ ડેરીની ૫૬ મી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રસંગને સંબોધતા કહ્યું હતું કે "સૌથી સુકાઈ ગયેલ પ્રદેશ, જ્યાં પાણીની ખૂબ તંગી હોય અને જે આંતરરાષ્ટ્રીય સરહદના નજીકના વિસ્તારોમાં આવેલ છે, આ વિસ્તારની બહેનોએ એક મહાન ક્રાંતિ સર્જીને દુનિયાને નવી દિશા આપી છે. આ પરિવર્તન માત્ર શિક્ષણ અને અર્થતંત્રના માધ્યમથી જ નહિ, પરંતુ ઓછું ભણેલી બહેનોએ દૂધના વ્યવસાયથી ૨૫ લાખ, ૫૦ લાખ, કરોડો રૂપિયાની કમાણી એક વર્ષમાં કરી છે, અને આ કોઈ નાની વાત નથી. વર્લ્ડની મોટી ઈન્સ્ટિટ્યૂટો માટે પણ આ એક પ્રેરણારૂપ વાર્તા છે કે ગામમાં બેસીને એક સામાન્ય બેન પણ પુરુષાર્થ સાથે, યોગ્ય વાતાવરણ અને મદદથી એક નવી ક્રાંતિ કરી શકે છે. આ મહિલા પશુપાલક, માતાઓ અને બહેનો, જેઓ દશ વર્ષ અગાઉ માત્ર પાંચ લાખ કે દસ લાખ રૂપિયાનું દૂધ વેચાણ કરતાં હતાં, આજે દોઢ કરોડ રૂપિયાની આવક મેળવે છે. આ માતાઓ અને બહેનોની મહાન ક્રાંતિ માટે હું તેમને વંદન કરું છું અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું."

બનાસ ડેરીની વાર્ષિક સાધારણ સભા માટે તૈયાર કરવામાં આવેલ સ્ટેજ ઉપર સૌથી અગ્ર હરોળમાં સંઘની મહિલા પશુપાલકોને બેસાડવામાં આવી હતી અને એમની પાછળ નિયામક મંડળ સાથે અન્ય મહાનુભાવો બેઠા હતા. મહિલાઓને આગળ સ્થાન આપવા અંગે જણાવતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે "આજે મહિલાઓને બધા આગેવાનોથી આગળ બેસાડવાનું કારણ એ છે કે, એમને જોઈને બાકીની બહેનો અને માતાઓને પ્રેરણા મળે. એમને લાગે કે, "હું પણ આવનારા વર્ષે સ્ટેજ પર બેસી શકું." આને કારણે, એક સ્પર્ધાત્મક ભાવના જાગે, અને દરેકમાં કામ કરવાની અને ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરવાની ઈચ્છા વધે. જ્યારે મેં પહેલી વખત પાંચ-સાત વર્ષ પહેલા આ પહેલ શરૂ કરી, ત્યારે લોકો મજાક કરતાં હતા,

ખાસ કરીને બનાસકાંઠાની ભાષામાં કહીએ તો, "બહેનોએ આગેવાનોની સાથે શું કામ કરવું?" પરંતુ આજે, આ નવા પરિવર્તનનો ભાગ બનીને, આ બહેનોએ એ સાબિત કરી દીધું છે કે, તેઓ માત્ર નેતાઓને જ નહિ, પરંતુ આખા સમાજને કંઈક શીખવવા માટે સક્ષમ છે. દીકરીઓને સમય આપો, તેમનામાં અનંત શક્તિઓ છે. એ શક્તિઓ, જે આજે બહાર આવી છે. તેઓને આગળ વધારવા માટે, બસ થોડી મદદ અને વિશ્વાસ રાખવાની જરૂર છે."

વર્ષ દરમિયાન બનાસ ડેરી દૂધ ઉત્પાદન સિવાય અન્ય પ્રોજેક્ટ્સ ઉપર કામ કરે છે. તે સંદર્ભે ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે "આપણે તાજેતરમાં ત્રણ-ચાર નવા પ્રોજેક્ટ શરૂ કર્યા છે, અને જેમ તમે ગયા વર્ષથી જોઈ રહ્યા હતા, અમે વૃક્ષારોપણ અને જળ સંચય જેવા પ્રોજેક્ટમાં કાર્યરત છીએ. આ પ્રકારના કામો સતત ચાલુ રાખવા પડશે, કારણ કે જળસંકટની સમસ્યાનો ઉકેલ લાવવો છે, માટે ઘણા તળાવો ખોદવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. હજી પણ અમુક વિશેષ કામો કરવાનાં બાકી છે. અમારા મહત્વના પ્રોજેક્ટોમાંનું એક એવું છે કે, છેલ્લા દસ વર્ષમાં બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષે એક કરોડ નવા વૃક્ષ ઉછેરવાનું કાર્ય હાથ ધર્યું છે. જે બહારના લોકો માટે અવિશ્વસનીય લાગી શકે છે, તે ક્રાંતિ આપણે અહીં કરી છે. બનાસકાંઠા જિલ્લાનાં સુકાભઠ્ઠ પર્વતોને હરિયાળા બનાવવા અને જંગલનો વિસ્તાર વધારવા મહિલાઓ દ્વારા કોઈપણ ખર્ચ વિના સીડબોલ તૈયાર કરવામાં આવ્યા. ગામમાં નિસ્વાર્થભાવથી આ સીડબોલ માટી સાથે ભેળવીને, ડેરીમાંથી બીજ મેળવ્યા અને આ સીડબોલને જિલ્લાનાં અલગ અલગ વિસ્તારના પર્વતો પર લગાવવામાં આવ્યા, અને આથી આશરે ૪૦ ટકા કરતાં વધુ વૃક્ષો સર્વાઈવલ રેટ ધરાવે છે.

આથી, શુષ્ક પર્વત પ્રદેશોમાં આજે હરિયાળી જોવા મળે છે. આ નાનકડી પહેલ દ્વારા એક મહાન ક્રાંતિ શરૂ થઈ છે. આ કામને જોઈને ભારતના બીજા રાજ્યો અને વિશ્વના અનેક દેશોમાં પણ આ મોડેલ અપનાવવામાં આવ્યો છે. સામાન્ય નર્સરીમાં મોટા ખર્ચાવાળા પ્રોજેક્ટ્સ કરતા, આ પહેલ વધુ ફળદાયી સાબિત થઈ છે. આ ક્રાંતિથી બનાસકાંઠાની ધરતીએ એક નવો ચમત્કાર સર્જ્યો છે. આ પ્રોજેક્ટ પૃથ્વીની હરિયાળી માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આનંદ વ્યક્ત કરતાં એમણે જણાવ્યું હતું કે "તમને યાદ છે કે ક્યારેક કેરી માટે આપણે જુનાગઢ અથવા બહારના સ્થળોથી કેરી મંગાવતા હતા. આજે, બનાસકાંઠાની ધરતી ઉપર ઉગાડેલી કેરીઓ લોકો ખાઈ રહ્યાં છે. આ ૧૦ વર્ષના નિષ્ઠાપૂર્વકના કાર્યનું પરિણામ છે. પહેલાની જેમ, જ્યારે લીમડાના ઝાડને શેઢા પરથી કાપવામાં આવતા, ત્યારે મેં વિનંતી કરી હતી કે લીમડાને બચાવો. આજે જ્યારે પાલનપુરથી નીકળીને ડીસા અને નડાબેટ સુધીના માર્ગ પર નજર કરીએ, ત્યારે લીમડાના ઝાડ ઉભા છે. આ તમે જ કર્યું છે, અને આ ક્રાંતિ આપણા સ્વાસ્થ્ય અને પર્યાવરણને એક નવી દિશા આપી છે.

હજુ આવનારા સમયમાં પશુદીઠ દૂધ ઉત્પાદન કેવી રીતે વધે તે માટે, ભીલડીની નજીક લગભગ ૨૦૦ વિઘા જમીન ઉપર એક બી.બી.બી.આર.સી. સેન્ટર સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. આ સેન્ટરમાં ભારતીય નસ્લની ગાય અને ભેંસના ઉચ્ચ ગુણવત્તાવાળા પશુઓનુ બ્રીડીંગ થશે, જેથી તે વધુ દૂધ આપે તે માટેનું મોટું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ યોજના માટે ભારત સરકારે રૂ.૩૮.૮૩ કરોડનો સહયોગ આપવાનો નિર્ણય કર્યો છે.NDDBના માધ્યમથી આ કાર્યને આગળ વધારવા માટે આપણે જઈ રહ્યા છીએ.જેમાં એમ્બ્રિયો ટ્રાન્સપ્લાન્ટ ટેકનોલોજી થકી ગાય-ભેંસની ઉચ્ચ ઓલાદ ખેડૂતો સુધી સરળતાથી કઈ રીતે પહોંચે અને ઓછી ગાય-ભેંસ રાખીને વધુ દૂધ કઈ રીતે મેળવી શકાય, તે એનો મુખ્ય ઉદ્દેશ છે. જેના કારણે પશુપાલકોની આવકમાં ખૂબ મોટો વધારો થશે અને ખર્ચ ઘટશે. આ બ્રીડીંગ સ્ટેશન, એ માત્ર બનાસકાંઠા પૂરતું જ નહી, પરંતુ સમગ્ર ભારત માટે એક દિશા આપનારું ગૌસંવર્ધન માટેનું સેન્ટર બનશે તેવો મને સંપૂર્ણ ભરોસો છે. બનાસ ડેરી પશુપાલનને વધુ વ્યવહારુ અને પોષણક્ષમ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. લોકલ જમીનની ગુણવત્તા સુધારવા માટે, બનાસ ડેરીએ એક અભિયાન શરૂ કર્યું છે.

જમીનની ફર્ટિલિટી જળવાઇ રહે તે માટે, બાયોલોજીકલ લેબની સ્થાપના કરવામાં આવી છે, જેમાં જમીનમાં સૂક્ષ્મ પોષક તત્વો અને બેક્ટેરિયા વિકસાવવા પર કામ કરી રહ્યા છીએ. આ પ્રોજેક્ટમાં આણંદ કૃષિ યુનિવર્સિટિના સહયોગથી, ખીમાણામાં આપણી લેબ કાર્યરત છે. જેમાંથી તૈયાર થયેલી પ્રોડક્ટ આવનારા સમયમાં બનાસકાંઠાની ખેતી માટે બગડેલી માટીની ગુણવત્તા સુધારવા માટે આશીર્વાદરૂપ સાબિત થશે, તેમાં મને પૂરો વિશ્વાસ છે.







જમીનની ગુણવત્તા ચકાસવા માટે, ભારતની અતિ આધુનિક લેબ, ઈશા ફાઉન્ડેશન સાથે મળીને અને વરિષ્ઠ વૈજ્ઞાનિકોના સહયોગથી, બનાસકાંઠા જિલ્લામાં સ્થાપિત કરવામાં આવી રહી છે. આ લેબમાં જમીનમાં રહેલા સૂક્ષ્મ કણો અને જૈવિક સહયોગીઓની ગણતરી અને ચકાસણી કરવામાં આવશે. સાથે સાથે, જમીનની ગુણવત્તા કઈ રીતે સુધારી શકાય, તે માટેની કામગીરી કરવા માટે આ લેબ બનાસકાંઠા જિલ્લાના આગામી ભવિષ્ય માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. માટીની અંદર જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના અતિશય ઉપયોગથી બગડેલી ખેતીલાયક જમીનને સુધારવા માટે આપણા જિલ્લામાં એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કારણ કે પશુપાલનનો ધંધો સીધો જમીન સાથે સંકળાયેલો છે. જમીનની જેટલી વધુ ફળદ્રુપતા હશે, એટલા જ સારા અનાજ અને ઘાસનો પાક મળશે, જે પશુઓ અને આપણો ખોરાક છે. સારા ખોરાક મળવાથી ગાય અને ભેંસ, વધુ દૂધ આપશે. આ અભિયાન માત્ર દૂધ અને તેના ઉત્પાદનમાં મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર જિલ્લાના વિકાસ અને વ્યવસાયની ઉન્નતિ માટેની વૃષ્ટિ સાથે છે. આપણું નિયામક મંડળ આ દ્રષ્ટિ સાથે સતત કાર્યરત છે.





મહિલા પશુપાલકો અને ખેડૂતોનાં પ્રયાસ, પુરુષાર્થ અને પરિશ્રમને બિરદાવતા ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે " આ બધું તમે કરી શક્યા છો અને તમે સક્ષમ છો. હવે, આપણે બધા આ કામને આગળ વધારીએ, તો મહાન પરિણામો પ્રાપ્ત કરી શકીએ છીએ. મારી પ્રાર્થના છે કે, અમે શરૂઆત કરી છે તેને તમે આગળ લઈ જાવ, અને નવી પેઢી માટે આ કામ સફળ બનાવો.

આજે દૂધના વ્યવસાય માટે અનેક પડકારો છે. ચીન જેવા અગાઉ દૂધની આયાત કરતા દેશોએ મોટા પ્રમાણમાં દૂધ ઉત્પાદન શરૂ કર્યું છે, જે વૈશ્વિક દૂધના વ્યવસાય માટે પડકાર બન્યો છે. આ દેશોએ દુનિયાના બજારમાં સસ્તું દૂધ પૂરું પાડવાની શરૂઆત કરી છે, જેના કારણે પાવડરના ભાવો સામે ટકવું મુશ્કેલ છે. તેમ છતાં, અમે સહકારિતાના મંત્ર સાથે પૂરતા પ્રયત્નો કરીને આ વ્યવસાયને આગળ વધારવા માટે પ્રયત્નશીલ છીએ. મને ભરોસો છે કે જે પ્રમાણે આપણે સૌ સાથે મળીને કામને આગળ વધારી રહ્યા છીએ. પૂરી ટીમ મળીને તેને હજુ વધારે તાકાત સાથે કામ કરશું તો આગામી સમયની અંદર માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાની અંદર એક ઉદાહરણરૂપ કામ આપણે કરી શકશું. ગોબરગેસના ઉપયોગથી છાણમાંથી આવક વધારવાના ઉદાહરણને આજે દુનિયા વખાણી રહી છે, અને આ મોડલ વૈશ્વિક સ્તરે એક માર્ગદર્શક રૂપ બની ગયું છે. આનાં આધાર પર નવી નીતિઓ વિકસિત થઈ રહી છે અને લોકોમાં ધીમે ધીમે આ તકે જાગરુકતા આવી રહી છે. CNGથી વાહનો ચલાવવામાં તેમજ જમીનની ગુણવત્તા સુધારવામાં આ પદ્ધતિ મહત્ત્વપૂર્ણ રહી છે. આવા અનેક આયામો સાથે, આવનારા સમયમાં, આપણે સૌ સાથે મળીને કામ કરતા રહીએ તો, ચોક્કસપણે બનાસકાંઠા જિલ્લામાં ગરીબ ખેડૂતો અને પશુપાલકોનું કલ્યાણ કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરીશું. આપ સૌને પુનઃ ખૂબ ખૂબ શુભકામનાઓ.

બનાસ ડેરીની સફળતા, સિદ્ધિઓ અને પ્રગતિ બદલ યોગ્ય ફાળો આપનાર મહાનુભાવોનો આભાર માનતા ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે "વર્ષ ૨૦૨૩-૨૪માં બનાસ ડેરીએ કરેલી પ્રગતિ અને પશુપાલકોના હિતમાં કરવામાં આવેલા કાર્યો, નિર્ણયો, અને અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ માટે સંપૂર્ણ માર્ગદર્શન, સહયોગ, અને સકારાત્મક વાતાવરણ પૂરું પાડવા બદલ હું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. સાથે-સાથે, NDDB, GCMMF, જિલ્લા વહીવટતંત્ર, સહકારી આગેવાનો, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, અધિકારીઓ, અને કર્મચારીઓનો બનાસ ડેરીની સફળતામાં અમૂલ્ય ફાળો આપવા બદલ હું હૃદયપૂર્વક આભાર માનું છું. વર્ષ ૨૦૨૩-૨૪નો અહેવાલ બનાસ ડેરીની પ્રગતિની ગાથા રજૂ કરે છે, જે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજુર કરવામાં આવ્યો છે અને વૈધાનિક ઓડિટર દ્વારા પ્રમાણિત છે. બનાસ ડેરી લાખો પશુપાલક પરિવારોની ધરોહર છે.ચેરમેનશ્રીઓ,નિયામક મંડળ તો આવતા જતા રહે છે, પરંતુ બનાસ ડેરી કાયમ રહેવી જરૂરી છે. તેથી, તેની જાળવણી, પ્રગતિ, સફળતા, અને ગૌરવગાથા લખવાની જવાબદારી આપણા સૌની છે."

# બનાસ ડેરીની પ્રસંશા અને આભાર વ્યક્ત કરતી જિલ્લાની સક્ષમ મહિલા પશુપાલક



“અમે બધા પશુપાલનથી જોડાયેલા છીએ, અને પશુપાલન આપણી જીવાદોરી કહેવાય છે. ઘણા વર્ષોથી, આ વ્યવસાય આપણો મુખ્ય ધંધો બની ગયો છે. આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "સહકારથી સમૃદ્ધિ"નું સૂત્ર આપ્યું છે, અને જો આ સૂત્રનું કોઈ ઉત્તમ ઉદાહરણ હોય, તો તે આપણી બનાસ ડેરી છે. આ બનાસ ડેરીને સતત આગળ ધપાવવાનો શ્રેય ચેરમેન શંકરભાઈ ચૌધરીને જાય છે. જયારથી શ્રી શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીનાં ચેરમેન બન્યા છે, તે સમયથી આ ડેરી સતત વિકાસના પંથે છે, અને છેલ્લા નવ વર્ષમાં અસાધારણ પ્રગતિ હાંસલ કરી છે. આ સિદ્ધિ માટે, બનાસ ડેરીનું કાર્યક્ષમ સંચાલન અને વ્યવસ્થાઓ મુખ્ય કારણ છે. પહેલાં, 'મિલ્ક હોલીડે' રાખવામાં આવતો હતો , પણ હવે તે ભૂતકાળની વાત થઈ ગઈ છે. પશુપાલકોની આવકમાં ઘટાડો ન થાય અને દૂધ ઉત્પાદનમાં સતત વધારો થતો રહે, તે બાબતમાં તેમણે સુનિશ્ચિતતા લાવી છે, આનું પરિણામ એ છે કે હવે દૈનિક એક કરોડથી વધુ લિટર દૂધ સંકલન થવા માંડ્યું છે, અને આ સફળતા ચેરમેન સાહેબની વહીવટી કુશળતા અને પ્રયાસોનું પ્રતિબિંબ છે.”



આમ, બનાસ ડેરી આ કાર્યક્રમો દ્વારા સમાજના તમામ વર્ગોને, ખાસ કરીને મહિલાઓને, સશક્ત બનાવી રહી છે. બનાસ ડેરીએ નવી મેમોગ્રાફી વાન શરૂ કરી છે, જેનો ઉદેશ્ય મહિલાઓમાં સ્તન કેન્સર અ કેન્સર અંગે જાગૃતિ લાવવાનો છે. આ વાન રૂ. 1.7 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે,જે બનાસકાંઠા જિલ્લાની ગામોની મહિલાઓને કેન્સર વિશે માહિતગાર કરે છે અને તે માટેની આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે. આ વાનમાં સંપૂર્ણ મહિલા સ્ટાફ છે, જેથી મહિલાઓ કોઈ સંકોચ વિના નિદાન અને સારવાર મેળવી શકે. હાઈ-ટેક મશીનો સાથે સજ્જ આ મેમોગ્રાફી વાન દ્વારા કેન્સરના શરૂઆતના તબક્કાનું નિદાન કરી, ઝડપી સારવાર આપવામાં આવે છે.”

રાજસ્થાની સરહદ પર આવેલો બનાસકાંઠા જિલ્લો સુક્કોભટ્ટ અને પછાત ગણાતો હતો. આવા પછાત જિલ્લામાં સ્વ.શ્રી ગલબાકાકા એ રોપેલું બીજ આજે એક વટ વૃક્ષ બની ગયું છે અને આખા જિલ્લાના તમામ પશુપાલક પરિવારોને શીતળ છાયડો આપે છે. પશુપાલનના વ્યવસાય થકી ગરીબમાં ગરીબ પરિવાર પોતાના ખેતરમાં બે ચાર ગાય-ભેંસ રાખીને પોતાનું ઘર સ્વમાનભેર ચલાવી શકે છે. પહેલા પશુપાલકે દૂધ આપવા શહેર સુધી જવું પડતું હતું અને એ દૂધના શ્રેષ્ઠ ભાવના પૈસા પણ પશુપાલકને મળે કે નહીં એની કોઈ ગેરંટી નહોતી, તેમજ દૂધ ન લે તો દૂધનું શું કરવું એ પશુપાલન માટે મોટી સમસ્યા બની જતી હતી અને ઘર આંગણામાં વલોણું કરીને જો ઘી બનાવીએ તો એ ઘીના પૈસા પણ પશુપાલકને પરવડે તેવા ન હતા. પરંતુ આજે સમય બદલાયો છે. બનાસના પશુપાલકે દોહેલું ગાય-ભેંસનું દૂધ બનાસકાંઠાની બહાર જુદી જુદી જગ્યાએ રોજ વેચવાનું કામ બનાસ ડેરી દ્વારા કરવામાં આવે છે.



“અમારી બનાસ ડેરી દ્વારા મહિલા જાગૃતિ દિવસ અને દૂધ દિવસ જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ મહિલાઓમાં જાગૃતિ લાવવા માટે પ્રયાસ કરવા સાથે સાથે પશુઓના સર્વાંગી વિકાસ, સહકારી સંસ્થાના પ્રગતિમાર્ગ અને દૂધ સિવાયના અન્ય વ્યવસાયિક સાહસો વિશે જાણકારી આપવાનો છે. આ કાર્યક્રમો દરમિયાન, મહિલાઓને તે બધી માહિતી આપવામાં આવે છે જે તેમની વ્યક્તિગત તેમજ વ્યવસાયિક પ્રગતિ માટે જરૂરી હોય છે. આ સાથે જ, જે મહિલાઓનું કાર્ય શ્રેષ્ઠ હોય છે, તે લોકોને બનાસ ડેરી દ્વારા સન્માનિત કરવામાં આવે છે. બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પરંતુ સમાજના સર્વાંગી વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ખાસ કરીને, મહિલાઓની સક્ષમતા અને તેમનો પડકારભર્યા કાર્ય બદલ ડેરી તેમને પ્રોત્સાહન આપે છે. આ સન્માન કાર્યક્રમો દ્વારા, મહિલાઓને તેમની મહેનત અને પ્રતિભાના પ્રત્યક્ષ પુરાવા તરીકે માન્યતા મળે છે, જે તેમને વધુ પ્રગતિ માટે પ્રેરિત કરે છે.”

# સક્ષમ અને સફળ નેતૃત્વ તેમજ પશુપાલક પરિવારોના સાથ સહકાર થકી વર્ષ ૨૦૨૩-૨૪ માં થયેલ નોંધપાત્ર પ્રગતી

ચેરમેન શ્રી શંકરભાઈના મજબૂત ઈરાદા, અતૂટ વિશ્વાસ, અને દ્રઢ ઈચ્છાશક્તિ સાથે, બનાવવામાં આવેલા બનાસ કાશી સંકુલનું લોકાર્પણ યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ કર્યું હતું. આ સંકુલને 30 એકર જમીન પર અંદાજિત ૬૧૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત કરવામાં આવ્યું છે.આ સંકુલ પૂર્વાંચલના ખેડૂતો અને પશુપાલકોની આવક બમણી કરવાની સાથે સાથે તેમને બનાસ ડેરીના દૂધ, મીઠાઈ, આઈસ્ક્રીમ, પનીર, માવો, ઘી અને અન્ય દૂધની બનાવટોની સુવિધા ઉપલબ્ધ કરાવશે. બનાસ કાશી સંકુલ ઉત્તર પ્રદેશને સહકારી ક્ષેત્રમાં વિકાસ મોડલ તરીકે સ્થાપિત કરવાનું એક સીમાચિહ્ન છે. આથી, ગુજરાતની જેમ હવે ઉત્તર પ્રદેશમાં પણ શ્વેતક્રાંતિનો ઈતિહાસ રચાશે અને સહકાર માત્ર એક વ્યવસ્થા જ નહીં, પરંતુ મજબૂત વિચારધારા બની રહેશે. આ વ્યવસ્થા પ્રોત્સાહિત કરીને, ઉત્તર પ્રદેશમાં પશુપાલનના વ્યવસાયનું પ્રમાણ વધશે, જેનાથી પશુપાલકો અને ખેડૂતો સમૃદ્ધિ, સશક્તિ, અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી શકશે.


બનાસ હવે બનારસમાં


ખેડૂતોના સર્વાંગી વિકાસ માટેનું સીમાચિહ્ન
બનાસ આટા પ્લાન્ટ

ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વ હેઠળ, બનાસ ડેરી, પશુપાલકો અને ખેડૂતોએ સમૃદ્ધિ તરફ આગળ વધવા માટેની તેમની પ્રતિબદ્ધતાને દ્રષ્ટિમાં રાખીને એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરી છે.બાદરપુરા ઓઈલ સંકુલમાં આધુનિકતા અને આત્મનિર્ભરતા દર્શાવતા બનાસ આટા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટ પ્રગતિ, સુખાકારી, અને સદ્ભાવના માટેનું પ્રતિક છે, જે ખેડૂતો અને પશુપાલકોને વધુ સારા જીવન તરફ દોરી જશે.

બનાસ ડેરીએ એક હકારાત્મક અભિગમ સાથે ઉમંગ મોલ શરૂ કર્યા છે, જેનો ઉદ્દેશ પશુપાલકો, ખેડૂતો, અને ગ્રામ્ય વિસ્તારના લોકોની જીવન જરૂરી ચીજવસ્તુઓ અને સામગ્રીને વ્યાજબી ભાવે તેમના ઘર આંગણે ઉપલબ્ધ કરાવવાનો છે. આ મોલમાં, બનાસકાંઠા જિલ્લાના સ્થાનિક ઉત્પાદનથી બનેલી વસ્તુઓને બનાસ ડેરીના નામ સાથે પેકિંગ કરીને વેચવામાં આવે છે. અત્યાર સુધી, બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લાના વિવિધ ગામોમાં ૪૦ થી વધુ ઉમંગ મોલ શરૂ કર્યા છે. આ મોલ આધુનિક મોલ જેવા જ છે, જ્યાં શ્રેષ્ઠ ગુણવત્તા અને વ્યાજબી ભાવે ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે, તેમજ ગ્રાહકો માટે ડિસ્કાઉન્ટ અને ડિજિટલ પેમેન્ટની સુવિધા પણ ઉપલબ્ધ છે.આ મોલને રૂરલ મોલ તરીકે ઓળખી શકાય છે, જે દૂધ મંડળીઓ સાથે જોડાયેલા છે અને તેના દ્વારા પશુપાલકોને લાભ થાય છે.આ રીતે, બનાસ ડેરી ગ્રામિણ વિસ્તારોમાં આધુનિક અને વ્યાજબી ખરીદીની સુવિધાઓ પ્રદાન કરીને, લોકોની સુખાકારીમાં વધારાનો પ્રયત્ન કરી રહી છે. આગળના સમયમાં, બનાસ ડેરી અન્ય ગામડાઓમાં પણ આ ઉમંગ મોલ સ્થાપિત કરવાની યોજના ધરાવે છે.


ઉમંગ મોલ સ્થાનિક ઉત્પાદનો સાથે
વ્યાજબી અને શ્રેષ્ઠ ખરીદી



આજે, બનાસ ડેરી દરેક મોરચે આગળ વધી રહી છે, અને હવે ઉર્જા ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ પ્રયત્નો હાથ ધર્યા છે. ઉર્જા આત્મનિર્ભરતા ટકાઉ વિકાસ માટેનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. નવીનીકરણીય ઉર્જા અને ટકાઉ ઉર્જાની કાર્યક્ષમતા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, અને પર્યાવરણની જાળવણી સાથે કાર્બન ન્યુટ્રાલિટીનું મોટું ધ્યેય માનનીય પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ નક્કી કરવામાં આવ્યું છે. આ ઉદ્દેશને અનુરૂપ, વિવિધ પ્લાન્ટ્સના ધાબા પર સૌર ઊર્જા પ્રણાલી સ્થાપિત કરીને રૂ. ૧૬.૪૭ કરોડ જેટલી માતબર રકમની બચત કરી છે. આ પ્રયાસો ઉર્જા આત્મનિર્ભરતા તરફના પગલાંને મજબૂત બનાવે છે અને પર્યાવરણ માટે સકારાત્મક ફાળો આપે છે.


ઉર્જા આત્મનિર્ભરતા તરફ નવી શરૂઆત


દૈનિક સર્વાધિક ૧ કરોડ લીટરનું દૂધ સંપાદન છતાં
એક પણ "મિલ્ક હોલીડે" નહિ

બનાસ ડેરીએ છેલ્લા ૮ વર્ષમાં દૂધના વ્યવસાયમાં અદભૂત પ્રગતિ હાંસલ કરી છે, જે વ્યવસ્થાપન અને કાર્યક્ષમ વ્યવસ્થાઓના કારણે શક્ય બની છે. 'મિલ્ક હોલીડે' નો ઉપયોગ ન કરીને, પશુપાલકોને દૂધની આવકમાં નુકસાન ન થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું. આ રીતે, સતત દૂધના સંપાદનની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી, જેના પરિણામે ચાલુ વર્ષે દૈનિક ૧ કરોડ લિટરથી વધુ દૂધનો જથ્થો આવવા લાગ્યો. નિયામક મંડળની કુશળતા અને વહીવટી કુશળતાના પરિણામે, બનાસ ડેરી આ વિશાળ દૂધના જથ્થાને સફળતાપૂર્વક વહન કરે છે અને પશુપાલકોને ફાયદો આપે છે.

મહિલા પશુપાલક એ બનાસ ડેરીની શક્તિ, સન્માન, હર્ષ, ઉત્કર્ષ, તેમજ જિલ્લા અને દેશનું ગૌરવ છે. બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરીને, સંઘની પ્રગતિ, પશુપાલકોના સર્વાંગી વિકાસ, અને દૂધ સિવાયના અન્ય સાહસો અંગે મહિલા પશુપાલકોને માહિતી આપવાની સાથે, દૂધ ઉત્પાદનમાં શ્રેષ્ઠ કામગીરી કરતી મહિલાઓને સન્માનિત કરવામાં આવી છે. બનાસ ડેરીએ, મહિલાઓને, નાણાકીય સશક્તિકરણ માટે લાભકારક બનાવતાં, તેમને શક્તિ અને સક્ષમતા વધારવાની પ્રેરણા આપી છે. બનાસ ડેરી સાથે જોડાયેલ સશક્ત, સક્ષમ અને સ્વાવલંબી નારીશક્તિને સલામ!


નારીશક્તિના આશીર્વાદથી પ્રેરિત વિકાસ



શ્વેતક્રાંતિ બાદ સ્વીટક્રાંતિ

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ બનાસ ડેરી સાથે જોડાઈને શ્વેતક્રાંતિમાં સફળતા પ્રાપ્ત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્વેતક્રાંતિ સાથે મધ ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ સર્જવાના લક્ષ્ય સાથે, બનાસ ડેરીએ અત્યાર સુધીમાં ૫૯૫ ખેડૂત પરિવારોને મધ ઉત્પાદન માટે તાલીમ આપી છે અને ૧૧,૮૩૬ મધ પેટીઓ વિતરીત કરી છે. આ પ્રયાસોના પરિણામે, જિલ્લામાંથી કુલ ૨૯૨.૦૨૩ મે.ટન મધનું સફળ રીતે સંપાદન થયું છે. મધના વાહક એવા જિલ્લાના ખેડૂતોને વિશ્વસનીય પરિશ્રમ, પ્રયાસ, અને પુરુષાર્થના પરિણામરૂપ, વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૨.૪૦ લાખ મળ્યા હતા, જે ૨૦૨૩-૨૪માં વધીને રૂ. ૪૯૩.૮૬ લાખ મળ્યા છે. આ વધારો સમૃદ્ધિની દિશાને સ્પષ્ટ રીતે દર્શાવે છે.




બનાસ ડેરી દ્વારા પશુપાલનને ગતિ ૨૦૨૩-૨૪ની વર્ષની સહાય અને પ્રોત્સાહન

પશુપાલનના વ્યવસાયને વેગ આપવા માટે, બનાસ ડેરી દર વર્ષે વર દુધાળા પશુ યોજના અંતર્ગત પશુપાલન સંબંધિત સહાય પૂરી પાડે છે. ચાલુ વર્ષે, કુલ ૪૦૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં, આ ૪૦૨ લાભાર્થીઓને શેડ સહાય, વીમા પ્રીમીયમ સહાય, અને અન્ય ઘટકો જેમ કે મિલકીંગ મશીન, ચાફ કટર, અને ફોગર માટે ૭.૬૩ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આ સહાય સાથે, બનાસ ડેરી પશુપાલકોને સશક્તિ અને તેઓના વ્યવસાયને વધુ અસરકારક બનાવવા માટેની સવર્ણ દ્રષ્ટિ આપતી રહી છે.



મહિલા પશુપાલકો માટે આરોગ્ય સુવિધાઓ મહત્વપૂર્ણ પહેલની શરુઆત

જનસેવા એજ પ્રભુસેવા" ના મંત્રને સાકાર કરવા માટે બનાસ ડેરી દ્વારા નવિનતમ મેમોગ્રાફી વાન, ૧.૦૭ કરોડ રૂપિયાના ખર્ચે, બનાસકાંઠા જિલ્લાની મહિલાઓમાં સ્તન કેન્સરના નિદાન માટે તૈયાર કરવામાં આવી છે. આ મોબાઈલ કેન્સર નિદાન વાન હાઈટેક મશીન સાથે સજ્જ છે, તે બનાસ ડેરી સાથે સંકળાયેલ ગામોની મહિલાઓમાં સ્તન કેન્સરની ચકાસણી કરી જરૂરી આરોગ્ય સારવાર પૂરી પાડે છે, આ વાનમાં સ્ટાફમાં માત્ર મહિલા કર્મચારીઓ છે, જેથી કેન્સર નિદાન કરવામાં કોઈ પણ પ્રકારની શરમ અથવા સંકોચ વિના મહિલાઓ આરોગ્ય સેવા મેળવી શકશે. આ સુવિધાથી મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રથમ તબ્બકે જ નિદાન થઈ શકે છે, જેના લીધે મહિલાઓ સત્વરે સારવાર કરાવી શકે છે.



જળ સંચય

બનાસ ડેરીના બનાસ જળશક્તિ અભિયાન હેઠળ, લોકભાગીદારી સાથે, બનાસના ગામડાઓમાં ૨૬૦ થી વધુ તળાવ ઊંડા અને મોટા બનાવવામાં આવ્યા છે. નવા તળાવો નિર્માણ કરીને ચોમાસાના પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ અભિયાનની મદદથી, સમગ્ર જિલ્લામાં ૧૫૦૦ થી 3000 કરોડ લીટર પાણીનો જળસંગ્રહ થયો છે, જેના કારણે કુવા અને બોરમાં ઊંડા જતા પાણીના સ્તર ઉંચા આવ્યા છે, પરિણામે પશુપાલન અને ખેતીમાં સિંચાઈ ક્ષેત્રે મહત્વપૂર્ણ લાભ મળ્યો છે.






ગોબર થી ગોબરધન

માનનીય વડાપ્રધાન શ્રી નારેદ્રભાઈ મોદીજી એ ખેરાલુ ખાતે વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગે આયોજિત જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, 'બનાસ ડેરી વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન કરીને ખેડૂતો અને પશુપાલકોની આવક વધારી રહી છે. બનાસકાંઠા જિલ્લાના મોટા ભાગના લોકો પશુપાલન સાથે જોડાયેલા છે, જે દૂધથી આવક મેળવે છે. બનાસ ડેરીએ પશુધનનાં વેસ્ટ, જેમ કે છાણનો ઉપયોગ કરીને આવકના નવા સ્ત્રોત માટે કાર્યો શરૂ કર્યા છે. ગોબર બાયો સી.એન.જી ગેસનું ઉત્પાદન કરીને જિલ્લાને આત્મનિર્ભર બનાવવા અને પર્યાવરણ સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

વિશ્વસનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પોતાની 'મન કી બાત' કાર્યક્રમમાં દેશના વિવિધ ક્ષેત્રોમાં થયેલા યથાર્થ કાર્યોના ઉલ્લેખ સાથે, ઓગષ્ટ મહિનાના છેલ્લા અઠવાડિયામાં બનાસ ડેરીની પ્રશંસા કરી હતી. તેમણે 'ટ્રક ઓન ટ્રેન' પ્રોજેક્ટ અંગે વાત કરી હતી, જેનાથી બનાસ ડેરીમાં દરરોજ આશરે ૭૫ લાખ લીટર દૂધની પરિવહન પ્રક્રિયાની ગુણવત્તામાં સુધારો આવ્યો છે. વડાપ્રધાનશ્રી એ જણાવ્યું કે આ નવીન પ્રોજેક્ટના અમલથી, દૂધને અન્ય રાજ્યોમાં પહોંચાડવા માટેનો સમય ઘટાડી શકાયો છે, અને લોડીંગ- અનલોડીંગની મર્યાદાઓને પાર કરીને દૂધની ગુણવત્તા પણ જાળવી શકાઈ છે. 'ટ્રક ઓન ટ્રેન' પ્રોજેક્ટનો લાભ લઈને, બનાસ ડેરી દરરોજ આશરે ૬ લાખ લીટર દૂધ અન્ય રાજ્યોમાં સફળતાપૂર્વક મોકલી રહી છે, જેનાથી દૂધના પરિવહન સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.



ગુજરાત બહાર સમયસર દૂધ પહોંચાડવા માટે અનોખી પહેલ 'ટ્રક ઓન ટ્રેન'




વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને શુભારંભ

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની "સહકારથી સમૃદ્ધિ" ની પરિકલ્પનાને સાકાર કરવા અને સહકારી ક્ષેત્ર તેમજ પશુપાલકોને સશકત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવાના ઉદેશ્ય સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીના શુભહસ્તે બનાસ ડેરી દ્વારા ભીલડી ખાતે નિર્મિત થનાર બનાસ બોવાઈન બ્રીડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (B B B R C) અને પાલનપુર ખાતે નિર્માણ પામનાર બનાસ બેંક નવીન ઓડિટોરિયમ હોલ અને ખેડૂત ટ્રેનીંગ સેન્ટરનું ઇ- ખાતમુહૂર્ત તેમજ બાદરપુરા ઓઈલ સંકુલ ખાતે નિર્મિત થનાર બનાસ ડેરી અલ્ટ્રા મોર્ડન આટા પ્લાન્ટ અને બનાસ વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટ, પાલનપુરનું લોકાર્પણ તથા બનાસ ડેરીના સંજીવની ખાતર પ્રોડક્ટ, બનાસ ઓર્ગેનિક ખાતર પ્રયોગશાળા અને અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટ, માઈક્રો ATM અને કિસાન ક્રેડીટ કાર્ડ તેમજ ધી.ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંક.લી.ના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાના પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરાયો.

આ બધા પ્રયાસો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યા છે, જેના થકી સહકારી ક્ષેત્રને નવી દિશા, મજબૂતી અને વિકસીત કરવા માટે બનાસ ડેરી પ્રતિબદ્ધ બની છે.



વૈશ્વિક સ્તરે એક નવી ઓળખ

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ અન્વયે ગાંધીનગર ખાતે ગોબર આધારિત ચાર CBG પ્લાન્ટ સ્થાપવા સંદર્ભે વિશેષ બેઠક યોજાઈ. આ બેઠકમાં સુઝુકી મોટર કોર્પોરેશનના પ્રમુખ શ્રી ટી. સુઝુકી, NDDBના અધ્યક્ષ શ્રી ડૉ. મીનેશ શાહ અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈએ સપ્ટેમ્બર ૨૦૨૩ માં જાપાન ખાતે યોજાયેલી પ્રારંભિક બેઠકના ફોલો-અપ બાબતે તેમજ ગુજરાત માટે વિઝન ૨૦30 ઘડવા માટે વિગતવાર ચર્ચા કરી. વિશિષ્ટ રીતે, જિલ્લાની અંદર ગોબર આધારિત પ્લાન્ટ સ્થાપવાથી ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન થશે, પ્રદુષણ ઘટશે, પર્યાવરણની જાળવણી થશે, ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા વધશે અને પશુપાલકોની આવક વધશે. આ બેઠકમાં સુઝુકી મોટર ઈન્ડિયા લિમિટેડના ચેરમેન શ્રી આર.સી. ભાર્ગવ, સુઝુકી મોટર કોર્પોરેશનના ઈ.વી.પી શ્રી કેનિચી આયુકાવા, મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એચ. ટેયુચી, અને સુઝુકી મારુતિ લિમિટેડ જાપાનના મેનેજિંગ ડિરેક્ટર એચ.ડોમિચી ઉપસ્થિત રહ્યા.

બનાસ ડેરીએ પાલનપુર ખાતે પોતાનો આધુનિક ૨૦ MTPD પનીર ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કર્યો છે, જે સંપૂર્ણ રીતે ઓટોમેટિક છે. આ પનીર પ્લાન્ટમાં મોટા ભાગના સાધનો ભારતના છે, અને માત્ર થોડા સાધનોની આયાત કરવામાં આવી છે. આ પનીર પ્લાન્ટ 'મેક ઈન ઈન્ડિયા' કોન્સેપ્ટ અંતર્ગત બનાવવામાં આવ્યો છે. બનાસ ડેરી માટે, આ માત્ર એક સંપૂર્ણ ઓટોમેટિક પનીર ઉત્પાદનનો પ્રોજેક્ટ નથી, પરંતુ પરંપરાગત પદ્ધતિથી તૈયાર થતા પનીર ઉત્પાદન પ્રક્રિયા પરથી ઓટોમેટિક પનીર ઉત્પાદન પ્રક્રિયા તરફની યાત્રા છે, જે ભારતીય ડેરી ઉદ્યોગની પ્રશંસનીય સિદ્ધિ છે.



એશિયાનો પ્રથમ ઓટોમેટિક પનીર પ્લાન્ટ



એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી (ભ્રુણ પ્રત્યારોપણ પદ્ધતિ)

બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ માટે બનાસ ડેરી દ્વારા ભારતમાં સૌ પ્રથમવાર એન.ડી.ડી.બી.ના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. હવે આ ટેક્નોલોજી માં બનાસ ડેરીને સતત સફળતાઓ પ્રાપ્ત થઈ રહી છે. અત્યાર સુધીમાં, એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી દ્વારા કુલ ૧૪૧ ગાયો ગાભણ થઇ ચુકી છે, ૧૧ વાછરડાઓ અને ૫૮ વાછરડીઓનો જન્મ થયો છે.



આજની વ્યસ્ત જીવનશૈલીમાં, દરેક વ્યક્તિ પોતાનું જીવન સુખદ અને આરામદાયક બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. તેમણે તેમના આસપાસની દરેક બાબતને પોતાના નિયંત્રણમાં લેવાની કોશિશ કરી છે, પરંતુ બહુમતી લોકો હજુ પણ સાચા સુખ અને શાંતિનો અનુભવ કરવાને વંચિત છે. આ સ્થિતિને સમજતા, બનાસ ડેરીનાં કર્મચારીઓને બ્રહ્માકુમારી દ્વારા તૈયાર કરેલ સેલ્ફ મેનેજમેન્ટ એન્ડ લીડરશીપ કાર્યક્રમની તાલીમ આપવામાં આવી છે. આ કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય કર્મચારીઓને પોતાની જાતને નિયંત્રણમાં રાખવાની કળા શીખવવાનો અને તેમને જીવનમાં અનંત શાંતિ અને સુખનો અનુભવ કરાવવામાં મદદરૂપ થવાનો છે. આ તાલીમમાં ૧૫૦૦ થી વધુ કર્મચારીઓએ ભાગ લીધો છે, અને તેમણે આ અભ્યાસક્રમ દ્વારા મહત્વપૂર્ણ નેતૃત્વ અને આત્મ- નિયંત્રણના કૌશલ્યો પ્રાપ્ત કર્યાં છે.



સફળતા માટે સેલ્ફ મેનેજમેન્ટ એન્ડ લીડરશીપની કર્મચારીઓ માટે નવી તક



ભગવાન કાશી વિશ્વનાથ મહાદેવનો પ્રસાદ દરેક પશુપાલક સુધી પહોંચાડયો

બનાસ કાશી સંકુલમાં દૈનિક ૧૦ ટન મીઠાઈ બનાવવા માટે એક અદ્યતન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટમાં બનાવાતી મીઠાઈ, ખાસ કરીને લાલપેંડા, જે ભગવાન કાશી વિશ્વનાથ મહાદેવને ચડાવવામાં આવે છે, તે પવિત્ર પ્રસાદ રૂપે સ્વીકૃત છે. ચેરમેન શ્રી શંકરભાઈ એ આ પવિત્ર પ્રસાદને બનાસ ડેરીના દરેક પશુપાલકો સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો. બનાસકાંઠા જિલ્લાના દરેક પશુપાલકોના ઘરોમાં, બનાસ કાશી સંકુલમાં બનાવવામાં આવેલા લાલપેંડાનું પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવ્યું છે.

બનાસ ડેરીએ બટાકાની ખેતી અને ઉત્પાદનને મજબૂત બનાવવાં માટે નવા પ્રોજેક્ટો શરૂ કર્યા છે. આ પ્રોજેક્ટની એક મહત્વપૂર્ણ બાબત તરીકે, બનાસ સંકુલ, સણાદર ખાતે પોટેટો પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જે બટાકાની વિવિધ વાનગીઓનું ઉત્પાદન કરે છે. આ પ્લાન્ટ માટે જરૂરી બટાકાનો સંગ્રહ કરવા બાદરપુરા ખાતે અધતન બલ્ક કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કોલ્ડ સ્ટોરેજ ફેબ્રુઆરી ૨૦૨૪ માં કાર્યરત થયો છે, જેમાં ૧૦,૦૦૦ મેટ્રિક ટન બટાકા સંગ્રડ કરવાની ક્ષમતા છે. આ કોલ્ડ સ્ટોરેજમાં બટાકાની ગુણવત્તા જળવાઈ રહે છે અને લાંબા સમય સુધી બટાકામાં મીઠાશનું સ્તર જળવાઈ રહે છે. પ્રાઈવેટ કોલ્ડ સ્ટોરેજની તુલનામાં, આ કોલ્ડ સ્ટોરેજમાં ગ્રેડિંગ અનુસાર બટાકાનો સંગ્રહ કરવામાં આવે છે, અને ગ્રેડિંગ પછી બટાકા સરળતાથી ખાલી કરવામાં આવે છે. વિશિષ્ટ રીતે, આ કોલ્ડ સ્ટોરેજ વિવિધ જાતના બટાકા માટે વિશેષ સુવિધા આપે છે. બનાસ ડેરી દ્વારા શરૂ કરાયેલ આ કોલ્ડ સ્ટોરેજને લીધે સંઘના કરોડો રૂપિયાની બચત થવાની આશા છે, જે સંગ્રહ અને ઉત્પાદન પ્રક્રીયાઓમાં સુધારાઓ લાવશે.



હાઈટેક બલ્ક કોલ્ડ સ્ટોરેજ બટાકાના અસરકારક સંગ્રહ માટે નવી સગવડ




બનાસની ટીમ સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડમાં વિજેતા બની

૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ દિલ્હી ખાતે American Society for Quality (ASQ) એવોર્ડ સ્પર્ધામાં બનાસ ડેરીની ત્રણ ટીમોએ ભાગ લીધો.અંતિમ રાઉન્ડ પ્રેઝન્ટેશન માટે, ભારતભરમાંથી ૪૦ થી વધુ ટીમો વચ્ચે થતી સ્પર્ધામાં બનાસ ડેરીની રેફ્રી-૨ અને THR ટીમો ક્વોલિફાય થઈ ગઈ.આ ફાઇનલ ચરણોમાં, બનાસ ડેરીની રેફ્રી-૨ ટીમને સહકારી ક્ષેત્રમાં વિશિષ્ટ સિલ્વર એવોર્ડ મળ્યો, જ્યારે THR ટીમે બ્રોન્ઝ એવોર્ડ જીત્યો. આ રીતે, બંને ટીમોએ સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડ પ્રાપ્ત કરીને સન્માન પ્રાપ્ત કર્યું.



**વિદેશના પ્લેટફોર્મ પર સુવર્ણ પુરસ્કાર મેળવ્યો**

ચીન ખાતે આયોજિત ૪૮મા આંતરરાષ્ટ્રીય ક્વોલિટી કંટ્રોલ સર્કલ (ICQCC) પ્રોગ્રામમાં બનાસ ડેરીએ સુવર્ણ પુરસ્કાર જીતીને બનાસકાંઠાનું નામ અને ગૌરવ દેશભરમાં વધાર્યું છે. અપેક્ષિત વિજેતા થવા માટે, બનાસ ડેરીએ થોડા મહિના પહેલા વડોદરા ખાતે OCFI (ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા) દ્વારા આયોજિત એચીવિંગ ક્વોલિટી સોલ્યુશન ફોર એક્સલન્સ થીમ અંતર્ગત કાઈઝેન, ૭ મુદ્દા, TOM અને T PM કન્વેન્શનમાં ભાગ લીધો હતો. આ કન્વેન્શન દરમિયાન, બનાસ ડેરીની ૧૨ ટીમોમાંથી ૧૩ ટીમોએ સુવર્ણ પુરસ્કાર પ્રાપ્ત કર્યો અને ૧ ટીમ (એલ.એમ.પી. ૨ એન્ડ 3)એ એક્સલન્સ એવોર્ડ જીત્યો. આ વિજેતા ટીમો આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા ICQCC કન્વેન્શન માટે પસંદ થઈ હતી. બનાસ ડેરીએ ચીનમાં આયોજિત પ્રોગ્રામમાં ભાગ લઈને સુવર્ણ પુરસ્કાર જીત્યો છે, જે તેની અગ્રણી કાર્યક્ષમતાનો અને સતત શ્રેષ્ઠતાનો સંકેત છે.

બનાસકાંઠા જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો બનાવવાનો અને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો બનાસવાસીઓએ સંકલ્પ કર્યો છે. આ પહેલનો હેતુ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવી અને રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવાનો છે. આ અભિયાન હેઠળ, માટી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આજના સમયમાં, બનાસ ડેરીની ટીમ ૪૦ ગામોમાં જમીનની ફળદ્રુપતા અને કાર્બનના પ્રમાણને વધારવા માટે સતત કાર્ય કરી રહી છે. આ પ્રયાસ દ્વારા, પ્રદેશમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે અને ધરતી સ્વચ્છ અને સ્વસ્થ રહે તે માટેનાં પગલાં લેવામાં આવશે.


**સેવ સોઈલ અભિયાન માટીના રક્ષણ માટેની પહેલઃ માટી બચાવો**


**બનાસકાંઠામાં ચંદનની ખેતીમાં ખેડૂતોનો પ્રવેશ**

સફેદ ચંદન એ સદાબહાર વૃક્ષ છે, જેનું લાકડું અને તેલ ઔષધિ બનાવવા માટે વ્યાપક રીતે ઉપયોગી છે. ચંદનની વિશેષતા અને વિદેશમાં તેની માંગ ઊંચી છે. આથી ઓછા પાણી, ઓછા ખર્ચ, ઓછી મહેનત અને ઓછી જમીન પર ઘણી મોટી કમાણી કરવા માટે દાંતીવાડા તાલુકાના નિલપુર ગામે ચંદનની ખેતી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી, બનાસકાંઠાના ખેડૂતો પરંપરાગત ખેતી સાથે દૂધના વ્યવસાયમાંથી આવક મેળવતા હતા, પરંતુ છેલ્લા ૭ વર્ષથી, ખેડૂતોમાં નવી જાગૃતિ આવી છે અને તેમણે સફેદ ચંદનની ખેતીમાં પ્રવૃત્તિ શરૂ કરી છે. આ નવા દિશા બદલાવને કારણે, ચંદનના વૃક્ષોની ખેતી જંગલમાં જ થાય એવી માન્યતા ખોટી સાબિત થશે. આ ખેતીક્રાંતિ, બનાસકાંઠામાં આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવશે અને લાખો ખેડૂતો ચંદનની ખેતી કરવા પ્રેરણા મેળવશે.



અરવલ્લીની ગીરીમાળાઓને હરિયાળું બનાવવાના અભિગમ સાથે, બનાસ ડેરીએ સીડ બોલ મહાઅભિયાન શરૂ કર્યું છે. આ વર્ષે, માનનીય ચેરમેન શ્રી શંકરભાઈના માર્ગદર્શન હેઠળ, ૫૧ શક્તિપીઠ પરિક્રમા અને ગબ્બર (અંબાજી) ખાતે ૧ કરોડ સીડ બોલ વાવેતરનો કાર્યક્રમ યોજાયો હતો. ખેતી અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લાને 'ગ્રીન બનાસકાંઠા' બનાવવાના સંકલ્પ સાથે, બનાસ ડેરી સતત ત્રીજા વર્ષે "Once More Seed Ball" ની યોજના સાથે આગળ વધી રહી છે.આ ભવ્ય આયોજનમાં, પર્વતોની ટોચ પર સીડ બોલ અને બીજનું રોપણ કરવા માટે ડ્રોન જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.


**સીડ બોલ મડાઅભિયાન ૧ કરોડ સીડ બોલથી બનાસને હરિયાળો બનાવવાનો સંકલ્પ**


**વૃક્ષારોપણ પર્યાવરણનું જતન અને સંરક્ષણ**

ચેરમેન શ્રી શંકરભાઈ એ બનાસકાંઠા જિલ્લામાં ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરીને વિસ્તારને હરિયાળો બનાવવા માટેનો સંકલ્પ કર્યો છે. આ વિશાળ અભિયાન અંતર્ગત, બનાસ ડેરીને "અમૂલ ગ્રીન એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવી છે, જે GCMMF દ્વારા માન્યતા પ્રાપ્ત છે.



# પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થનાં પરિણામનાં આંકડા

**01**

**બનાસ ડેરીએ દૂધ સંપાદનમાં કર્યો વધારો (દૈનિક સરેરાશ)**
૨૦૧૩-૧૪: ૨૯.૮૬ લાખ કિ.ગ્રા
૨૦૨૩-૨૪: ૭૮.૧૧ લાખ કિ.ગ્રા

**02**

**પશુપાલકોને દર મહિને દૂધ પેટે ચુકવાતી રકમમાં વધારો (કરોડ રૂપિયા)**
૨૦૧૩-૧૪: ૨૮૭ કરોડ રૂપિયા
૨૦૨૩-૨૪: ૧૨૦૬ કરોડ રૂપિયા

**03**

**દૂધ ઉત્પાદનમાં ભારત અગ્રેસર**
ભારત દેશની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં દૈનિક પશુદીઠ વધુ ઉત્પાદન (લીટરમાં)
ભેંસ (ભારત) : ૬.૩૪ / (બનાસકાંઠા) : ૬.૯૯
કાંકરેજ ગાય (ભારત) : ૩.૮૫ / (બનાસકાંઠા) : ૫.૮૯
એચ.એફ.ક્રોસ (ભારત) : ૭.૮૫ / (બનાસકાંઠા) : ૯.૮૬

**04**

**BIO CNG માટે નવીન જમીન સંપાદન (૪૬.૩૫ વિઘા)**
ભુખલા, વડગામ : ૧૧ વિઘા
વિછીવાડી, ધાનેરા : ૧૪.૪૨ વિઘા
આગથળા, લાખણી : ૨૦.૯૩ વિઘા

**05**

**નવી જમીન સંપાદન (૫૯૯.૦૯ વિઘા)**
રતનપુરા (ભીલડી) : ૨૨૦ વિઘા / સણાદર : ૧૫૫ વિઘા / બાદરપુરા : ૭૭ વિઘા / ફરીદાબાદ નવી : ૬૪ વિઘા / વારાણસી બનારસ : ૫૨.૦૯ વિઘા / બાગપત : 30 વિઘા



### પનીર પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



૨૦૧૩-૧૪ : દૈનિક ૨,000 કિ.ગ્રા
૨૦૨૩૦૨૪ : દૈનિક ४४,000 કિ.ગ્રા

### બટર મિલ્ક ઉત્પાદન ક્ષમતા




૨૦૧૩-૧૪ : દૈનિક ૫૦,૦૦૦ લીટર
૨૦૨૩-૨૪ : દૈનિક ૬,૮૫,૦૦૦ લીટર

### ચીઝ ઉત્પાદન ક્ષમતા



૨૦૨૩-૨૪ : પ્રતિમાસ ૧૮૦૦ મેટ્રિક ટન

### દહીં ઉત્પાદન ક્ષમતા



૨૦૧૩-૧૪ : દૈનિક ૫૦,૦૦૦ કિ.ગ્રા
૨૦૨૩-૨૪ : દૈનિક ૩,૫૦,૦૦૦ કિ.ગ્રા

### બટર પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



૨૦૧૩-૧૪ : દૈનિક ૧,૨૦,૦૦૦ કિ.ગ્રા
૨૦૨૩-૨૪ : દૈનિક ૨,૦૦,૦૦૦ કિ.ગ્રા

### ઘી પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



૨૦૧૩-૧૪ : દૈનિક ૨૫,૦૦૦ કિ.ગ્રા
૨૦૨૩-૨૪ : દૈનિક ૭૦,૦૦૦ કિ.ગ્રા

### UHT પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા




૨૦૧૩-૧૪ : દૈનિક ૨,૫૦,૦૦૦ લીટર
૨૦૨૩-૨૪ : દૈનિક ૬,૨૫,૦૦૦ લીટર

### ફ્લેવર્ડ મિલ્ક ઉત્પાદન ક્ષમતા




૨૦૨૩-૨૪ : દૈનિક ૧,૦૦,૦૦૦ લીટર

## ચોકલેટ પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



૨૦૨૩-૨૪: દૈનિક ૬,૦૦૦ કિ.ગ્રા

## બટાકા પ્રોસેસિંગ પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



૨૦૨૩-૨૪: દૈનિક ૭૨,૦૦૦ કિ.ગ્રા

## મધ પ્રોસેસિંગ પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



૨૦૨૩-૨૪: પ્રતિમાસ ૧૫૦ મેટ્રિક ટન

## વ્હે પાવડર પ્લાન્ટ ઉત્પાદન ક્ષમતા



દૈનિક ૪૫,૦૦૦ કિ.ગ્રા

## બટાકા હાઈટેક કોલ્ડ સ્ટોરેજ ક્ષમતા



૨૦૨૩-૨૪: વાર્ષિક ૧૦,૦૦૦ મે.ટન

## બનાસ દાણ ઉત્પાદન ક્ષમતા



૨૦૧૩-૧૪: દૈનિક ૧,૬૦૦ મેટ્રિક ટન
૨૦૨૩-૨૪: દૈનિક ૩,૦૦૦ મેટ્રિક ટન

## જળસંચય મહાઅભિયાન



૩૦૦૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ

## વૃક્ષારોપણ અભિયાન



દરવર્ષે ૧ કરોડ વૃક્ષનું વાવેતર



# સહકારિતામાં વિશ્વાસથી વિકાસ

## વિકસિત બનાસકાંઠાથી વિકસિત બનાસ ડેરીની પરિકલ્પનાને સાકાર કરવા બનાસ ડેરીએ હાથ ધરેલ ભવિષ્યના આયોજનો

**બનાસ બોવાઈન બ્રિડિંગ એન્ડ રીસર્ચ સેન્ટર (BBBRC) નું નિર્માણ**
૧૦,૦૦૦ હજાર એમ્બ્રિયો ટ્રાન્સફર કરાશે
૨૦ થી ૨૫ લીટર દૂધ આપતા પશુઓની ઓલાદ પેદા થશે

**રાધનપુર ખાતે ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ**
પ્રતિ દિન ૧૦,૦૦૦ લીટર ગૌ મુત્રનું કલેક્શન.
પશુપાલકો પાસેથી દેશી ગાયોનું ગૌ મૂત્ર ૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે ખરીદી કરાશે.
ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા સોઇલ કન્ડીશનર, ગ્રોથ પ્રમોટ, પેસ્ટ રિપેલન્ટ  જેવા ઉત્પાદન તૈયાર કરવામાં આવશે.

**બાદરપુરા ખાતે મગફળી ઓઈલ પ્લાન્ટનું નિર્માણ**
તેલેબીયામાં વેલ્યુએડિશન
પ્રતિ દિવસ ૧૦૦ મેટ્રિક ટન ક્ષમતા
સરસવનાં દાણા/મગફળીનું પીલાણ
૪૬.૫ કરોડ ખર્ચે નિર્માણ
ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી તૈયાર

**સણાદર ખાતે સહકારિતા માટેનું તાલીમ કેન્દ્ર બનશે**
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ દુનિયાને સહકારિતા વિશે શીખડાવવા માટે સંસ્થાનું નિર્માણ કરાશે.

**ગાંધીનગર ખાતે સરકારી પરીક્ષાઓ માટે તૈયાર કરવાનું કેન્દ્ર બનશે**
બનાસકાંઠાનાં બાળકો UPSC,GPSC જેવી સરકારી પરીક્ષાઓની પૂર્વ તૈયારી કરી શકે, તે માટે ગાંધીનગર ખાતે પરીક્ષણ વર્ગનું નિર્માણ કરાશે.

**બટાકા પ્રોજેક્ટ**
બનાસ ડેરી સાથે જોડાયેલા બટાકાનાં ખેડૂતોને ૧૦ ટકા ભાવફેર આપવામાં આવશે.



# દૂધ ભરાવીને બનાસ ડેરીની મહિલા પશુપાલકો બની લખપતિ

ઔદ્યોગિક વિકાસના મામલે ખૂબ જ પછાત ગણાતા અને અનેક સવલતોના અભાવમાં વસેલા ગુજરાતના એક ખૂણામાં આવેલ બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોએ દૂધના વ્યવસાયમાં કરેલી ઝડપી પ્રગતિએ ભારત અને વિશ્વને ચકિત કરી, દૂધ ઉત્પાદન ક્ષેત્રે એક ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે. આ જિલ્લો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધાર રાખે છે. અહીં અભણથી લઈને ડિગ્રી ધરાવતી મહિલાઓ પણ પશુપાલન ક્ષેત્રે મોટી સફળતા હાંસલ કરીને લાખોની કમાણી કરી રહી છે. પશુપાલકોનું જીવનધોરણ સતત સુધરી રહ્યું છે, અને આ બદલાવ પાછળ ચેરમેન શંકર ચૌધરીના સક્ષમ નેતૃત્વનું મહત્વપૂર્ણ યોગદાન છે.





બનાસ ડેરી, જે પશુપાલકોને સૌથી વધુ વળતર ચુકવતી અને એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ઓળખાય છે, તેની વાર્ષિક સાધારણ સભા ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં બનાસ સંકુલ, સણાદર ખાતે યોજાઈ હતી. આ સભા દરમિયાન ચેરમેનશ્રી એ બનાસ ડેરીની વાર્ષિક શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું આલેખન કર્યું અને દૂધ ભરાવતી ટોપ ૧૦ મહિલા પશુપાલકોના નામની જાહેરાત કરી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ મહિલાઓને રોકડ ઈનામ અને પ્રમાણપત્ર આપીને તેમને સન્માનિત કર્યાં હતા.



વિશ્વભરમાં ઘણી ડેરીઓ છે, પરંતુ જો કોઈ ડેરી પોતાના પશુપાલકોને સૌથી વધુ દૂધના ભાવ સાથે મોટો નફો આપતી હોય, તો તે બનાસડેરી છે. ચેરમેન શંકર ચૌધરીના સક્ષમ નેતૃત્વ હેઠળ, બનાસડેરી સાથે જોડાયેલી મહિલા પશુપાલકોને પોતાની કિસ્મત બદલવાની અને પરિવારની આર્થિક સ્થિતિ સુધારવાની તક મળી છે. તેઓ હવે અન્ય લોકોને રોજગાર પણ આપી રહી છે, ચેરમેન શ્રી શંકરભાઈનાં નેતૃત્વમાં સ્વ. ગલબાકાકાનું સપનુ, "જિલ્લાની મહિલાઓ દાતરડાના હાથા પર પોતાના પરિવારનું ભરણ પોષણ કરે," આજે સાકાર થઈ રહ્યું છે.

શંકર ચૌધરીના માર્ગદર્શન હેઠળ, કૃષિ સાથે જોડાયેલા લોકો પશુપાલન વ્યવસાય સાથે જોડાઈ રહ્યા છે. આને કારણે, ખેડૂતો જો કૃષિમાં નિષ્ફળ જાય, તો પશુપાલન દ્વારા પોતાનું જીવનધોરણ ચલાવી શકે છે.

બનાસડેરીએ ૫૫મી વાર્ષિક સાધારણ સભામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સૌથી વધુ દૂધ વેચીને વિક્રમજનક આવક હાંસલ કરનારી બનાસકાંઠાની ૧૦ લાખોપતિ ગ્રામીણ મહિલા પશુપાલકોના નામોની યાદી જાહેર કરી છે. જિલ્લા કક્ષાએ સર્વાધિક કમાણી કરનારી ટોપ ૧૦ મહિલાઓને "શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી" પુરસ્કારથી નવાજવામાં આવી છે, જ્યારે દરેક તાલુકા કક્ષાએ ટોપ ત્રણ કમાણી કરનારી મહિલાઓને "બનાસ લક્ષ્મી" ખિતાબથી સન્માનિત કરવામાં આવી છે. આ મહિલાઓએ વર્ષ દરમિયાન ૧ કરોડ રૂપિયા સુધીની કમાણી કરીને, દૂધ ઉત્પાદનમાં સ્ત્રી-શક્તિ અને આત્મનિર્ભરતાનું પ્રભાવશાળી ઉદાહરણ આખા વિશ્વ સમક્ષ મૂકી દીધું છે.

## વર્ષ ૨૦૨૨-૨૩ માં કરોડો સુધીની કમાણી કરનાર બનાસડેરીની ટોપ ૧૦ મહિલા પશુપાલકો

| | |
|---|---|
| **ચૌધરી નવલબેન દલસંગભાઈ** | **ચૌધરી લીલાબેન મોઘજીભાઈ** |
| **ઝવેરી તસ્લીમબેન આસીફખાન** | **ચૌધરી માનીબેન જેસુંગભાઈ** |
| **રાજપૂત દરિયાબેન ત્રીકમાંજી** | **ચાવડા હંસાબા હિંમતસિંહ** |
| **લોહ નીતાબેન દિપકભાઈ** | **વાઘડા કેશીબેન વાલાભાઈ** |
| **સાલેહ મૈસરા અમીન** | **સિંહ બબીબેન ભીખાભાઈ** |

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કરોડો રૂપિયાની કમાણી કરનાર બનાસડેરીની ટોપ ૧૦ મહિલા પશુપાલકોની યાદી જાહેર કરવામાં આવી છે. ઉપરાંત, બનાસડેરી દ્વારા બનાસકાંઠાના દરેક તાલુકામાં સૌથી વધુ દૂધ ભરાવનાર ટોપ ત્રણ મહિલાઓને પ્રમાણપત્ર અને ચેક આપીને સન્માનિત કરવામાં આવી હતી. આ મહિલાઓએ શ્વેતક્રાંતિના માધ્યમથી મહાન સફળતા હાંસલ કરી છે, અને પશુપાલન વ્યવસાય દ્વારા દર મહિને લાખો રૂપિયાની આવક મેળવી રહી છે.
આ મહિલાઓએ સાબિત કર્યું છે કે મોટી ડિગ્રી કે લાયકાત વિના પણ મહેનત અને ધગશ સાથે સફળતા હાંસલ કરી શકાય છે. તેઓએ યુવાનો માટે પ્રેરણાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને બતાવ્યું છે કે અશક્ય લાગે તેવું કામ પણ શક્ય બની શકે છે.



## બનાસડેરીના આધસ્થાપક

**સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલ**

15 ફેબ્રુઆરી 1918 - 3 જાન્યુઆરી 1973

બનાસકાંઠામાં સ્વ.શ્રી ગલબાકાકાએ સહકારરૂપે રોપેલો છોડ આજે એક વટવૃક્ષ બની ગયો છે, જે જિલ્લાવાસીઓને અને પશુપાલન સાથે જોડાયેલા પરિવારોને સમૃદ્ધિનો શીતળ છાંયડો આપે છે. અને આ જ વટવૃક્ષ થકી ગરીબમાં ગરીબ પરિવારો અને પોતાના ઘેર, ખેતરમાં બે ચાર ગાય-ભેંસ રાખીને સ્વમાનભેર પોતાનું ગુજરાન ચલાવી શકે છે.

*ચેરમેન શ્રી શંકરભાઈ*

